સુરત મહાનગરપાલિકા

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૩(રૂંઢ) ફા.પ્લોટ નં.૬ ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ રૂંઢ બિલ્ડીંગ નં.એચ આઇ. જેવાળી લો-રાઇઝ બલ્ડીંગ જર્જરીત/બિસ્માર થવાથી અત્રેના અઠવા ઝોન દ્વારા સદરહુ સોસાયટીના પ્રમુખ/સેક્રેટરીશ્રી તેમજ તમામ વસવાટકર્તાઓને વખતો-વખત મિલ્કત રીપેરીંગ અર્થે નોટીસ આપવા છતાં મિલ્કત રીપેરીંગ બાબતે કોઇ કાર્યવાહી હાથ ધરેલ ન હોયલ અત્રેથી ઉકત મિલ્કતમાંથી વસવાટ ખાલી કરવા કલમ-૨૬૮ હેઠળ તા.૦૪/૦૬/૨૦૨૪ ના રોજ નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારો દ્વારા કોઇપણ પ્રકારની કામગીરી નહીં કરતાં તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ પાણી કનેકશન કાપવામાં આવેલ છે તેમજ મિલ્કતના તમામ વપરાશકર્તા/રહીશોને મિલ્કત ખાલી કરી દેવા સુચના આપવામાં આવેલ.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૬(પીપલોદ) ફા.પ્લોટ નં.૯ માં આવેલ પાર્થ એપાર્ટમેન્ટ વાળી હાઇરાઇઝ બલ્ડીંગ જર્જરીત/બિસ્માર થવાથી અત્રેના અઠવા ઝોન દ્વારા સદરહુ સોસાયટીના પ્રમુખ/સેક્રેટરીશ્રી તેમજ તમામ વસવાટકર્તાઓને વખતો-વખત મિલ્કત રીપેરીંગ અર્થે નોટીસ આપવા છતાં મિલ્કત રીપેરીંગ બાબતે કોઇ કાર્યવાહી હાથ ધરેલ ન હોય અત્રેથી ઉકત મિલ્કતમાંથી વસવાટ ખાલી કરવા કલમ-૨૬૮ હેઠળની નોટીસ પાઠવી તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ અંતિમ નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારો દ્વારા કોઇપણ પ્રકારની કામગીરી નહીં કરતાં તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ પાણી કનેકશન કાપવામાં આવેલ છે તેમજ મિલ્કતના તમામ વપરાશકર્તા/રહીશોને મિલ્કત ખાલી કરી દેવા સુચના આપવામાં આવેલ.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઇજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૧૧૨ તા.૦૯/૦૭/૨૦૨૪